પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Morning National News 03-02-2023 at 7.45 AM**

## આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

*********************************************************************************************

- અદાણી ઉદ્યોગ જૂથ અંગેના હિન્ડનબર્ગના અહેવાલ મુદ્દે વિરોધ પક્ષના દેખાવોના પગલે સંસદના બન્ને ગૃહોની બેઠક સમગ્ર દિવસ માટે સ્થગિત
- નાગાલેન્ડમાં N.D.P.P. સાથે ચૂંટણી જોડાણ કરીને વિધાનસભાની ચૂંટણી લડવાનો ભાજપનો નિર્ણય
- બધા જ બાળ સુધાર કેન્દ્રમાં કૌશલ્ય વિકાસ કેન્દ્રો શરૂ કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય
- જમ્મુ વિસ્ફોટ કેસમાં સંડોવાયેલા મનાતા અને લશ્કર-એ-તોયબા સંગઠનના આતંકવાદીની ધરપકડ કરતી કાશ્મીર પોલીસ
- દક્ષિણ એશિયાઈ ફૂટબોલ સંગઠન સાફના મહિલા ખેલાડીઓ માટેની ફૂટબોલ સ્પર્ધાનો આજથી ઢાકામાં આરંભ
- દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી મહિલાઓ માટેની ટી-20 ત્રણ દેશોની ક્રિકેટ શ્રેણીમાં રનર્સઅપ રહેતું ભારત

*********************************************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# PAR-ADJOURN

અદાણી ઉદ્યોગ જૂથ અંગેના હિન્ડનબર્ગના અહેવાલ અંગે તપાસની માંગ સાથે ગઈકાલે સંસદનાં બન્ને ગૃહોમાં વિરોધ પક્ષના દેખાવોના પગલે બન્ને ગૃહોની બેઠક સમગ્ર દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી. ગઈકાલે જ્યારે લોકસભાની બેઠક મળી ત્યારે વિપક્ષના સભ્યોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ગૃહની મધ્યમાં ધસી ગયા હતા.

અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નોત્તરી ચલાવવાનો પ્રયાસ કર્યો તેમ છતાં, વિરોધ ચાલુ રહેતાં ગૃહની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી મોકૂફ રખાઈ હતી ત્યાર પછીની બેઠકમાં પણ સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. જયારે રાજ્યસભામાં પણ આવું જ બનતા ગૃહની કાર્યવાહી ગઈકાલે સ્થગિત કરાઈ હતી.

# PM-ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિશ્વ શાંતિ માટે આજે સાંજે આસામના બર પેટા ખાતે યોજાનાર કૃષ્ણગુરૂ એકનામ અખંડ કીર્તનમાં વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાશે. કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલ અને આસામ સરકારના અનેક મંત્રીઓ આ કાર્યક્રમમાં હાજર રહેશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, આ કાર્યક્રમ વિશ્વ શાંતિ માટે છે જે ગત છઠ્ઠી જાન્યુઆરીથી કૃષ્ણગુરૂ સેવાશ્રમ ખાતે યોજાઈ રહ્યો છે. સંસ્થાના વિશ્વભરમાં ફેલાયેલા એક કરોડ, 50 લાખ અનુયાયીઓ શિક્ષણ, આરોગ્ય અને આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં કામગીરી કરી રહ્યા છે.

# MEGHALAYA-NOMINATION

મેઘાલયમાં વિધાનસભાની 60 બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. મેઘાલયના મુખ્ય ચૂંટણી અધિકારી એફ.આર. ખારકોન્ગોરે અન્ય અધિકારીઓ સાથે ગઈકાલે દક્ષિણ ગારો હિલ્સ વિસ્તારમાં ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

અમારા સંવાદદાતા જણાવે છે કે, પહાડી રાજ્ય પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી – HSPDP એ ગઈકાલે વિધાનસભાની ચૂંટણી માટે ઢંઢેરો બહાર પાડ્યો છે. ભાજપે ગઈકાલે તમામ 60 વિધાનસભા બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ નાગાલેન્ડમાં નેશનલ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી- N.D.P.P. સાથે ચૂંટણી જોડાણ કરીને વિધાનસભાની ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. ભાજપ 20 બેઠકો પર જ્યારે N.D.P.P. 40 બેઠકો પર ચૂંટણી લડશે. નાગાલેન્ડ અને મેઘાલયની વિધાનસભા માટે 27 ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. બંનેમાં ધારાસભ્ય સંખ્યા 60 છે.

# SKILL DEVELOPMENT CENTERS

કેન્દ્ર સરકારે બધા જ બાળ સુધાર કેન્દ્રમાં કૌશલ્ય વિકાસ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી મંગલ પ્રભાત લોઢાએ જણાવ્યું હતું કે, મુંબઈના ડોંગરી ખાતે બાળ સુધાર કેન્દ્રોમાં કૌશલ્ય વિકાસ કેન્દ્રનું ઉદઘાટન કરતાં આ મુજબ જણાવ્યું હતું. કૌશલ્ય વિકાસ કેન્દ્રોમાં ટાટા મોટરના સાથ સહકારમાં બાળકોને મોબાઇલ રીપેરીંગ, મોટર બાઇક રીપેરીંગ અને ઇલેક્ટ્રીક ક્ષેત્રની તાલિમ અપાશે.

# J&K-IED

કાશ્મીર પોલીસે જમ્મુ વિસ્ફોટ કેસમાં સંડોવાયેલા મનાતા અને લશ્કર-એ-તોયબા સંગઠન સાથે સાંઠગાંઠ ધરાવતા આતંકવાદીની ધરપકડ કરી છે.

કાશ્મીર પોલીસના વડા દિલબાગસિંહે જણાવ્યું છે કે, 11 દિવસની સઘન કામગીરીના અંતે જમ્મુના રિયાસી જિલ્લાના નિવાસી અને સરકારી કર્મચારી આરોપી આરિફની ધરપકડ કરાઈ છે. તેની પાસેથી અત્તરની બોટલ જેવા સ્વરૂપમાં રખાયેલ વિસ્ફોટકમાં જથ્થો મળી આવ્યો છે.

આરીફ સામે શાસ્ત્રી નગર, કટરા અને નરવાલ ખાતે થયેલા વિસ્ફોટમાં સંડોવણી હોવાનો આરોપ છે. પ્રાથમિક તપાસમાં નવા પ્રકારના વિસ્ફોટકો ડ્રોન  મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે.

# WOMEN-S-SAFF-U-20

દક્ષિણ એશિયાઈ ફૂટબોલ સંગઠન સાફના ઉપક્રમે 20 વર્ષથી ઓછી ઉંમરની મહિલા ખેલાડીઓ માટેની ફૂટબોલ સ્પર્ધાનો આજથી બાંગ્લાદેશના ઢાકામાં આરંભ થશે.

આજે રમાનારી પહેલી મેચમાં ભારત અને ભૂતાન વચ્ચે મુકાબલો થશે. આ સ્પર્ધામાં બાંગ્લાદેશ અને નેપાળ પણ રમશે. ચાર ટીમો રોબીન રાઉન્ડ પધ્ધતિમાં અન્ય સ્પર્ધક ટીમ સામે રમશે.

રોબીન રાઉન્ડના અંતે પહેલું અને બીજું સ્થાન મેળવનાર ટીમો આગામી નવ ફેબ્રુઆરીએ ફાઇનલમાં રમશે.

# NT. WOMEN CRICKET-FINAL

દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી મહિલાઓ માટેની ટી-20 ત્રણ દેશોની ક્રિકેટ શ્રેણીમાં ભારત રનર્સઅપ રહ્યું છે.

ગઈકાલે રમાયેલી ફાઇનલ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને પાંચ વિકેટે પરાજ્ય આપ્યો હતો. ભારતે હર્લિન દેઓલના 46 રનની મદદથી વીસ ઓવરમાં ચાર વિકેટે 109 રન કર્યા હતા.

જવાબમાં દક્ષિણ આફ્રિકાએ ટ્રાયોનના 57 રનની મદદથી 18 ઓવરમાં 110 રન નોંધાવીને વિજય મેળવ્યો હતો.

# PUSHKAR-DHAMI-CHAR-DHAM-YATRA

ઉત્તરાખંડ સરકારે ચાર ધામ યાત્રા માટેની તૈયારીઓ શરૂ કરી છે. ગઢવાલના કમિશનર સુશિલકુમારના અધ્યક્ષપદે આગામી સાતમી ફેબ્રુઆરીએ ઋષિકેશમાં યોજાનારી બેઠકમાં ચાર ધામ યાત્રાના આયોજનને આખરી ઓપ અપાશે.

ઉલ્લેખનીય છે કે, ચાર ધામ યાત્રા આગામી 22મી એપ્રિલથી શરૂ થશે. અક્ષય તૃતિયાંના દિવસે ગંગોત્રી અને યમુનોત્રી તીર્થધામના દ્વાર ખૂલતાં ચાર ધામ યાત્રાનો આરંભ થશે. બદ્રીનાથ ધામના દ્વાર 27મી એપ્રિલે ખોલવામાં આવશે. જ્યારે કેદારનાથ ધામના દ્વાર ખોલવાનો નિર્ણય 18મી ફેબ્રુઆરીએ લેવાશે.

# MEA KHALISTAN

ભારતે ઓસ્ટ્રેલિયામાં ખાલિસ્તાની ઉગ્રવાદીઓ દ્વારા કરાયેલા હિંસાના બનાવોની નિંદા કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિન્દમ બાગચી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ મામલે ઓસ્ટ્રેલિયાના સત્તાવાળાઓ સાથે ચર્ચા કરવામાં આવી છે.

તેમણે ઓસ્ટ્રેલિયાના અધિકારીઓને બનાવ અંગે તપાસ કરવા અને ગુનેગારોને સજા કરવા વિનંતી કરી છે. એવી જ રીતે ભારતે ઓસ્ટ્રેલિયાને ભારતીય સમુદાયના સભ્યો અને તેમની સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે.

# JODHPUR - G 20

રાજસ્થાનના જોધપુર શહેરમાં ગઈકાલથી જી-20 સંગઠનના ઉપક્રમે રોજગાર કાર્યજૂથની પ્રથમ બેઠક શરૂ થઇ છે. રોજગાર કાર્યજૂથ હેઠળ ટકાઉ, સંતુલિત, સર્વસમાવિષ્ટ અને રોજગારીમાં વૃદ્ધિને વિકસાવવા માટે શ્રમ, રોજગાર અને સામાજિક મુદ્દાઓ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી છે. વૈશ્વિક કક્ષાના કૌશલ્ય અને લાયકાતના સુમેળ માટે યોગ્ય વ્યૂહરચના ઘડવા તથા તેને અનુલક્ષીને માળખું વિકસાવવા માટે આ ત્રણ દિવસીય બેઠકમાં વિચાર વિમર્શ કરવામાં આવશે.

ભારત ઉપરાંત સંગઠનના 19 દેશો, યુરોપીય સંઘ તથા 9 આમંત્રિત દેશો અને પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય નવ સંગઠનોના પ્રતિનિધિઓ આ બેઠકમાં હાજરી આપી રહ્યા છે.

# LS-LED BULBS

ઉર્જા અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી આર.કે. સિંહે જણાવ્યું છે કે કન્વર્જન્સ એનર્જી સર્વિસિસ લિમિટેડ દ્વારા અમલમાં મુકવામાં આવેલા પાયલોટ પ્રોજેક્ટ તરીકે બિહાર, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના ગ્રામીણ વિસ્તારોમાં એક કરોડ L.E.D. બલ્બનું વિતરણ કરવામાં આવ્યું છે.

લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં મંત્રીએ કહ્યું કે, ગ્રામ ઉજાલા યોજનાના પાયલટ પ્રોજેક્ટ હેઠળ L.E.D. બલ્બનું વિતરણ પૂર્ણ થઈ ગયું છે..

# DEFENCE - PENSIONERS

કેન્દ્ર સરકારે રક્ષા અથવા સ્પર્શ હેઠળ પેન્શન મેળવતા તમામ સંરક્ષણ મંત્રાલયના પેન્શનરોને આ મહિનાની 20મી તારીખ સુધીમાં વાર્ષિક ઓળખ પૂર્ણ કરવા વિનંતી કરી છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, માસિક પેન્શન સમયસર જમા થાય તે માટે વાર્ષિક ઓળખ અથવા જીવન પ્રમાણપત્ર રજુ કરવું એ એક મહત્વની કાનૂની જરૂરિયાત છે. સ્પર્શ એ પેન્શનના દાવાઓની પ્રક્રિયા કરવા અને કોઈપણ બાહ્ય મધ્યસ્થી વિના સંરક્ષણ પેન્શનરોના બેંક ખાતામાં સીધા પેન્શન જમા કરવા માટેની વેબ-આધારિત સિસ્ટમ છે. સશસ્ત્ર દળોના જવાનોનાં પેન્શનની મંજૂરી અને વિતરણની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સંરક્ષણ મંત્રાલય દ્વારા આ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે..

# ANURAG - BUDGET ALLOCATION

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય માટે અંદાજપત્રિત જોગવાઈમાં 2022-23ની સરખામણીમાં 11 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મંત્રાલયે જણાવ્યું છે કે, ભારતમાં 2010 માં રાષ્ટ્રમંડળ રમતોત્સવ યોજાયો ત્યારબાદ રમતગમત માટે આ વખતે સૌથી વધુ જોગવાઈ કરાઇ. 2023-24 ના વર્ષ માટે ત્રણ હજાર, 397 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરી છે.

યુવા બાબતો અને રમતગમતમંત્રી અનુરાગસિંહ ઠાકુરે કેન્દ્રીય અંદાજપત્રમાં રમતગમત અને યુવા ક્ષેત્રને પ્રાધાન્ય આપવા બદલ નાણાંમંત્રી નિર્મળા સીતારમણનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે, દેશમાં હાલની રમતગમત વ્યવસ્થાને સંપૂર્ણ રીતે સુધારવાની જરૂરિયાતને ઓળખીને, કેન્દ્ર સરકારે પાયાના સ્તરની પ્રતિભાઓને ઓળખવા તેમજ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવા અને એકંદર રમતગમત માળખાંનું નિર્માણ કરવા પર અભૂતપૂર્વ ધ્યાન આપ્યું છે.

# RAILWAY – EARNING

રેલવે મુસાફરીની આવકમાં 73 ટકાનો વધારો થયો છે. એપ્રિલથી જાન્યુઆરી 2023 સુધીમાં મુસાફરી હેઠળ કુલ કમાણી 54 હજાર 733 કરોડ રૂપિયા છે જે ગયા વર્ષે આશરે 31 હજાર કરોડ રૂપિયા હતી.

રેલ્વે મંત્રાલયે જણાવ્યું કે, આ સમયગાળા દરમિયાન મુસાફરોની કુલ અંદાજિત સંખ્યા 65 કરોડ, 90 લાખ હતી જે ગયા વર્ષના આ સમયગાળા દરમિયાન 61 કરોડ, 81 લાખ હતી. મંત્રાલયે જણાવ્યું કે, રીઝર્વેશન વિનાના મુસાફરો પાસેથી મળેલી આવક ગયા વર્ષના બે હજાર 555 કરોડ રૂપિયાની સરખામણીએ 11 હજાર, 788 કરોડ રૂપિયાથી વધુ છે, જે 361 ટકાનો વધારો દર્શાવે છે..